S.U.G College Of Education, Vasna, Ahmedabad

# અભ્યાસક્રમ વિકાસના સિદ્ધાંતો

## Curriculum Development Principles




Dr. Kiranben Jayantilal Patel,
Adhyapak S.U.G College Of
Education, Vasna, Ahmedabad

# અભ્યાસક્રમ: વિભાવના અને સિદ્ધાંતો

Dr. Kiranben Jayantilal Patel
S.U.G College Of Education,Vasna,
Ahmedabad




1.1 અભ્યાસક્રમ અને પાઠ્યક્રમની સંકલ્પના

1.2 અભ્યાસક્રમના ધ્યેયો અને લાક્ષણિકતાઓ

1.3 તફાવત : અભ્યાસક્રમનું માળખું, અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, પાઠ્યપુસ્તક

# અભ્યાસક્રમનું માળખું

અભ્યાસક્રમનું માળખું એ રીતે તૈયાર થવું જોઈએ જેમાં શાળાની પ્રવુતિઓ ઉપરાંત શાળા બહારની પ્રવુતિઓ ,મોજશોખની પ્રવુતિઓ ,વ્યાયામ ,સર્જનાત્મક પ્રવુતિઓ, અનુકૂલન વગેરે દ્વારા વિદ્યાર્થીઓને વર્ગખંડમાં સમસ્યાઓના ઉકેલ લાવતા શીખવું જરૂરી છે.

The design of the curriculum ……… must be a function of the environment of the child,not just that of the school and the generised aspects of the culture. It must include out of the schoolactivities,recreation,health,creative activities,home adjustment,and the like should be taken into account as much as problem solving and work situation in the classroom

# અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ વચ્ચેનો તફાવત

**સામાન્ય રીતે અભ્યાસક્રમ અને પાઠયક્રમ સમાનાર્થી શબ્દો તરીકે વાપરવામાં આવે છે પણ એ બંને વચ્ચે તાત્વિક ભેદ છે.**

- પાઠ્યક્રમ
- પાઠ્યક્રમ એ કોઈપણ એક ધોરણમાં એક વર્ષના સમયગાળા દરમ્યાન જુદા જુદા વિષય મુદ્દાઓ શીખવવા માટેની માત્ર રૂપરેખા છે
- પાઠ્યક્રમની તુલનામાં અભ્યાસક્રમ વિશાળ છે
- પાઠ્યક્રમ એટ્લે ચોક્કસ કક્ષાએ શીખવવાના અભ્યાસક્રમના ચોક્કસ મુદ્દાઓનો વિગતપૂર્ણ પ્રવુતિ કાર્યક્રમ
- પાઠ્યક્રમ જેતે વર્ષ પૂરતો મર્યાદિત હોય છે

- **અભ્યાસક્રમ**
- જ્યારે અભ્યાસક્રમમાં વિષયવસ્તુના મુદ્દાઓની રૂપરેખા ઉપરાંત તેની સંરચનાનો પણ સમાવેશ થાય છે .
- અભ્યાસક્રમની તુલનામાં પાઠ્યક્રમ વધારે સંકુચિત છે.
- અભ્યાસક્રમ એટ્લે અધ્યેતાઓના વર્ગખંડમાંના તેમજ વર્ગખંડની બહાર બધાજ અધ્યયન અનુભવો
- અભ્યાસક્રમ શિક્ષણના એક આખા તબક્કા સુધી વિસ્તરેલ હોય છે.

# પાઠ્યપુસ્તક:

રોજબરોજના શિક્ષણકાર્ય માટે ઘણું ઉપયોગી શૈક્ષણિક સાધન એટ્લે પાઠ્યપુસ્તક. અભ્યાસક્રમની કાર્ય રૂપરેખા સ્પષ્ટ કરવાનું કાર્ય પાઠ્યપુસ્તક કરે છે.

વિવિધ લેખકોએ પાઠ્યપુસ્તકના અર્થ આ પ્રમાણે કરેલા છે.

1. શિક્ષણ માટેનું માહિતીદર્શક પુસ્તક
2. પુસ્તક કે જેમાં વિષયના વિષયવસ્તુની સંકલ્પના ,માહિતી અને તથ્યોનો સમાવેશ કરાયો હોય.
3. પુસ્તક કે જેને અભ્યાસ માટે અંશત: કે સંપૂર્ણ આધાર તરીકે લેવાય
4. રાજ્ય સરકારના પાઠ્યપુસ્તક મંડળ તરફથી કે કોઈ અન્ય અધિકૃત સંસ્થા કે યુનિવર્સિટી અમુક વિષયના પાઠ્યક્રમ માટે માહિતિદર્શક સાધન તરીકે બહાર પડેલું કે ભલામણ કરાયેલું પુસ્તક
5. The text book is the most widely used of all teaching instruments.
6. The textbook reflects and establishes standards,it indicates all too frequently perheps , what the teacher is required to know or teach and what the pupils are supposed to know or to learn.
7. According to Dr. Thing, A textbook is the teacher of the teachers.
8. According to Duglas, The teacher and textbook makes the school.

# અભ્યાસક્રમના સિદ્ધાંતો

**અભ્યાસક્રમ રચના અને વિકાસના પાયાના સિંદ્ધાંતો નીચે મુજબ છે.**

1. **તાર્કિકતા:** અભ્યાસક્રમ પ્રણાલીગત કે રૂઢિચુસ્ત ન હોતા તર્કશુદ્ધ હોવો જોઈએ.અભ્યાસક્રમ યોગી રીતે ઘડાયેલ અને વિચારપૂર્ણ ન હોય ત્યાં સુધી તે વિદ્યાર્થીઓને કશા કામમાં આવતો નથી

2. **સમાજકેન્દ્રિતા:** અભ્યાસક્રમ ની રચનાનો મુખ્ય સિદ્ધાંત એ છે કે અભ્યાસક્રમ સમાજની જરૂરિયાતોને લક્ષમાં રાખી બાળકના વિકાસને શક્ય બનાવે તે પ્રકારનો હોવો જોઈએ.

3..**ઉપયોગિતા:** અભ્યાસક્રમ રચનાનો ત્રીજો સિદ્ધાંત છે ઉપયોગિતા. એટ્લે કે બાળકને જે કઈ શીખવવામાં આવે તે તેના જીવનમાં ઉપયોગી હોવું જોઈએ.
The school curriculum is essentially a process of living and learning within a democratic,problem solving climate for children.

4. **પરિવર્તનશીલતા :** સમાજની બદલાતી જતી જરૂરિયાતો તથા પરિસ્થિતી અનુસાર અભ્યાસક્રમમાં ફેરફાર કરી શકાય

# અભ્યાસક્રમના સિદ્ધાંતો

**5 વૈવિધ્ય** : વિદ્યાર્થીઓની શક્તિઓ ,રસ અને જરૂરિયાતોના સ્વરૂપમાં અભ્યાસક્રમ વૈયક્તિક તફાવતોને સંતોષી શકે તેવો વૈવિધ્યપૂર્ણ હોવો જરૂરી છે.

**6. સર્જનશીલતા** : વિદ્યાર્થીમાં રહેલી સર્જનાત્મક અને જવાબદારી લેવાની શક્તિઓનો ગ્રાસ કરે તેમજ તેનામા સર્જનશીલતા વિકસે તેવી તકો તેમણે પ્રાપ્ત કરવી શકે તેવો હોવો જોઈએ

**7. સંકલિતતા :** અભ્યાસક્રમ પુનઃ રચના માટે મહત્વનો સિદ્ધાંત છે સંકલિતતા એટલે કે પ્રાથમિક , માદયમિક અને ઉચ્ચ કેળવણી કક્ષાનો અભ્યાસક્રમ એકબીજામાં સંકળાયેલા હોવા જોઈએ. આ ઉપરાંત બીજા વિષયો સાથે તેને અનુબંધ સાધીને શીખવી શકાય તેવો હોવો જોઈએ

.

**8. ફુરસદના સમયનો ઉપયોગ** : અભ્યાસક્રમ એવો પણ હોવો જોઈએ કે જેથી જેથી બાળક પોતાના ફુરસદના સમયનો ફળદાયી ઉપયોગ કરતાં શીખે.